જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૧૯ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૬૧/૧૯

કારંજ પોલીસ સ્ટેશન :

કારંજ પો.સ્ટે.ના અનડીટેક્ટ મોબાઇલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી “સી” ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ તથા સે.પો.ઇન્સ. શ્રી એમ.એ.તળપદા સા.ના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પ્રો.પો. સ.ઇ. આર.આર.ગરચર તથા હે.કો. બાબુભાઇ હોથાભાઇ બ.નં.૮૮૪૧ તથા પો.કો દિનેશભાઇ ગલબાભાઇ બ.નં.૫૭૨૦ તથા તથા પો.કો. પંકજભાઈ ચેલાભાઈ બ.નં.૪૬૭૭ તથા પો.કો. ગોપાલભાઇ રમેશભાઇ બ.નં.૯૫૦૨ તથા પો.કો. કલ્પેશભાઇ ભેમજીભાઇ બ.નં.૬૨૯૧ વુ.લો.ર. સોફીયાબાનુ અબ્દુલહમીદ બ.નં.૧૦૫૬૭ તથા વુ.લો.ર. જીજ્ઞાશાબેન બળદેવભાઇ બ.નં.૧૬૨૨ નાઓ સાથે મળી આરોપી નામે મહાવીર ઉર્ફે બિનિત સ./ઓ શ્રી અજયકુમાર તિવારી ઉવ ૧૯ રહે હાલ રહે ઘી કાટા રાધા ક્રીશ્ના મંદીર મા ઘી કાટા અમદાવાદ મુળ વતન ગામ-બહલોલપુર તા-કુડવાર જીલ્લો-સુલતાનપુર ઉત્તર પ્રદેશનાની પાસેથી ચોરીનો એક વિવો કંમ્પનીનો Y53 મોડેલનો ગ્રે કલરનો મોબાઇલ ફોન જેની કિં.રૂ. ૭૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૩૪/૧૯ IPC કલમ ૩૭૯ મુજબના અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

ગેર કાયદેસર હથિયાર રાખવાના તથા છેડતીના ગુનાના આરોપીને પાસા કરવામાં આવી

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા સંયુકત પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિશ્રી. "કે" ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી.વી.આર.વસાવા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ (૧) ડીસીબી પો.સ્ટે સે.ગુરનં-૩૦૭૦/૧૭ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી) તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) દાણીલીમડા પો.સ્ટે ફ.ગુરનં-૩૯/૧૯ ઇપીકો કલમ-૩૫૪(એ)૧(II),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામાં પકડાયેલ આરોપી આકીબભાઇ અમીરુદ્દીન શેખ ઉવ.૪૩ રહે- મનં-એ/૧૦ કુરેશનગર ફિરદોશ મસ્જીદની પાછળ શક્તિ સોસાયટી પાસે દાણીલીમડા અમદાવાદ શહેરનાની વિરૂધ્ધ પાસા દરખાસ્ત પાઠવતા મે.પો. કમિ. શ્રી અ.વાદ શહેર નાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૩૪૯/૨૦૧૯ તા.૦૪/૧૨/૨૦૧૯ થી હુકમ થયેલ જે આરોપીને સર્વેલન્સ સ્કોર્ડના (૧) લોકરક્ષક રફીક યુનુસભાઇ (૨) પો.કો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ નાઓએ બાતમી હકીકત આધારે ઉપરોક્ત પાસા અટકાયતીને પકડી લાવી પો.સ્ટે રજુ કરતા ઉપરોકત પાસા અટકાયતીને પાસા હુકમની બજવણી પો.ઇન્સ શ્રી વી.આર.વસાવા સાહેબ નાઓએ તા.૦૪/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ વાગ્યે બજવણી કરી જરુરી જાપ્તાના માણસો સાથે ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

નારોલ પોલીસ સ્ટેશન :

પ્રોહીબીશન ની પ્રવુતિ સાથે સંકળાયેલને પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુતી આચરતા આરોપણબેન રેખાબેન ડો/ઓફ રમેશભાઇ વર્ધાભાઇ ચુનારા ઉ.વ.૨૧ રહે ગણેશનગરના છાપરા પીપળજ પીરાણા રોડ પીપળજ અમદાવાદ શહેર ને પીસીબી/ડીટીએન/પાસા/૧૩૫૫/૨૦૧૯ તા.૦૪/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ રોજ તારીખ.૦૪/૧૨/૨૦૧૯ ના કલાક ૧૭/૩૦ વાગ્યે બજવણી કરી પાસામાં મોકલી આપેલ છે. તા.૦૪/૧૨/૨૦૧૯

શાહીબાગ પોલીસ સ્ટેશન :

શાહિબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHE TEAM દ્વારા રોમિયોગીરી કરતાં એક ઇસમની ધરપકડ.

માન.પોલીસ કમિશનર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશરશ્રી, સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એફ" ડિવિઝન, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એ.કે.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ શાહિબાગ પોલીસ સ્ટેશન ખાતે SHE TEAM દ્વારા આજરોજ તા.૦૪/૧૨/૨૦૧૯ ના કલાક ૨૦:30 હાથી સર્કલ ખાતે આવેલ શાક માર્કેટ પાસે જાહેર રસ્તા પર એક ઇસમ વારંવાર શાક માર્કેટની જગ્યાએ મહીલાઓની ભીડમાં હાજર રહી આજુબાજુ આંટાફેરા મારતા હોય અને આવતી જતી મહીલાઓને બિભસ્ત તેમજ ન છાજે તેવું વર્તન કરી તથા રોમીયોગીરી કરતાં જણાઇ આવેલ જેથી તેઓનું નામ ઠામ પૂછતાં પોતે પોતાનું નામ સુનીલભાઇ S/O મહેશજી પુંજાજી જાતે: ઠાકોર, ઉ.વ.૨૪, ધંધો:નોકરી, રહે. ભાઇચંદપુરા ઠાકોર વાસ, ગીરધરનગર, અસારવા, શાહિબાગ, અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ જે ઇસમને સદર જગ્યાની હાજરી અંગે પૂછતાં કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી જાહેર રસ્તા પર મહીલાઓ/છોકરીઓને બિભસ્ત ન સાજે તેવું વર્તન કરી, રોમિયોગીરી કરતા મળી આવેલ હોય જે વિરૂધ્ધ જી.પી.એક્ટ કલમ ૧૧૦, ૧૧૭ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

<u>ઓઢવ પોલીસ સ્ટેશન :</u>

<u>જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પો.સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા સાહેબ નાઓએ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ એસ.જે.ચૌહાણ સાહેબ તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા અ.લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨ તથા અ.લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા અ.લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં-૧૨૯૬૨ એ રીતેનાઓ સાથે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ આજણા ચોક પાસે આવતા <u>એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ</u> નાઓને મળેલ બાતમી હકીકત આપતા "ઓઢવ જનતાનગરની સામે આવેલ ઇન્દીરાનગરના ખુલ્લા મેદાનમાંથી આરોપીઓ નં-(૧) કલ્પેશ રમેશભાઇ રાઠોડ ઉ.વ.૨૬ રહે:મ.નં-૬૬, ઇન્દીરાનગર, જનતાનગરની સામે, ઓઢવ, અમદાવાદ શહેર તથા (૨) મહેશભાઇ કાંતિભાઇ પરમાર, ઉ.વ.૨૯ રહે: મ.નં-૦૯, ઇન્દીરાનગર, જનતાનગરની સામે, ઓઢવ, અમદાવાદ શહેર તથા (૩) ભુપેંદ્ર ઉર્ફે ભોપો બાબુભાઇ મહેરીયા, ઉ.વ.૩૫, રહે- મ.નં.૨૯, ઇન્દીરાનગર, જનતાનગરની સામે, ઓઢવ, અમદાવાદ શહેર તથા (૪) મુકેશભાઇ મનુભાઇ ચૌહાણઉ.વ.૩૦ રહે: મ.નં-૩૫/૦૨, મધુમાલતી આવાસ યોજના ચાર માળીયા, કઠવાડા, ઓઢવ, અમદાવાદ શહેર તથા (૫) પરેશભાઇ નિર્મળભાઇ બાંદ્રે ઉ.વ.૩૫ રહે: મ.નં-૨૩, ઇન્દીરાનગર, જનતાનગરની સામે, ઓઢવ, અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂ.૧૮,૯૦૦/- તથા દાવનાં નાણા રોકડા રૂ.૬,૨૦૦/- મળી કુલ્લે રૂ.૨૫,૧૦૦/- તથા ગંજી પાના નંગ ૫૨ કી.રૂ.00/00 તથા ૦૫ મો.ફોન કિ.રૂ.૧૭,૪૦૦/ મળી કુલ્લે કિ.રૂ.૪૨,૫૦૦/ નો મુદ્દામાલ સાથે તા-૦૩/૧૧/૨૦૧૯ ના ક.૧૩/૫૫ વાગે પકડાઇ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૦૩/૧૧/૨૦૧૯.

<u>પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ પ્રદિપ ગીરીશભાઇ પંચાલ ઉ.વ.૩૫ રહે: બી/૨૩, અમરદિપ ટેનામેન્ટ, મનમોહન પાર્ક સામે, નિકોલ, અમદાવાદ શહેર નાઓ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પ્રદિપ ગીરીશભાઇ પંચાલ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/236/19** તા. **11/03/2019** અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને અમો તથા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા બીજા સ્ટાફના માણસો સાથે કોમ્બીંગ નાઇટ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અમોને મળેલ બાતમી હકીકત આધારે આજરોજ <u>છેલ્લા સાતેક મહીનાથી</u> પાસા અટકાયતથી નાસતા ફરતા પકડી પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા.૦૪/૧૧/૨૦૧૯.

સરખેજ પોલીસ સ્ટેશન :

મોટર સાયકલ ચોરી આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇ.ડી.ડી.ચુડાસમા તથા એ.એસ.આઇ ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૭૫૭૦ તથા અનાર્મ હેડ કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અનાર્મ લોકરક્ષક વિરભદ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૦૪૭૬ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાન બ.નં.૧૩૦૨૯ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના <u>અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ નાઓને ખાનગી બાતમી</u> હકીકત આધારે સરખેજ મકરબા અલબુર્ઝ ચાર રસ્તા ખાતે મોટર સાયકલ નં.**GJ-01-MU-4131** ની સાથે મોટર સાયકલ ચાલક નોમાન સન/ઓ અંસારભાઇ અહેમદભાઇ શેખ ઉ.વ.૧૯ રહે.મ.નં.૦૩ અલકમલ સોસાયટી રોયલ અકબર ટાવર પાસે સરખેજ રોડ વેજલપુર અમદાવાદ શહેરનાને સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૬૧/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે પકડી અટક કરી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- <u>કબ્જે કરેલ મુદ્દામાલ-</u>

(૧) ગુનાના કામે ગયેલ એક મોટર સાયકલ નં. **GJ-01-MU-4131** ની કિ.રૂ.૨૫૦૦૦/- ની મતાનુ

- <u>પકડાયેલ આરોપી:-</u> નોમાન સન/ઓ અંસારભાઇ અહેમદભાઇ શેખ ઉ.વ.૧૯ રહે.મ.નં.૦૩ અલકમલ સોસાયટી રોયલ અકબર ટાવર પાસે સરખેજ રોડ વેજલપુર અમદાવાદ શહેર

<u>સેટેલાઇટ પોલીસ સ્ટેશન :</u>

વ્હીકલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલતી સેટેલાઈટ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ નાઓની સુચના મુજબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન તેમજ સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટરશ્રી પી.ડી. દરજીસાહેબનાઓના માર્ગ દર્શન હેઠળ તેમજ સુચનો મુજબ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુના અટકાવવા સારૂ તેમજ શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ I/C પો. સબ. ઈન્સ. ડી.કે. ગમારા તથા હે.કો.રાઘવદાન ખેતદાન બ.નં.૪૧૨૪ તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ બ.નં.૪૯૦૧ તથા પો.કો. નાગરાજભાઈ લાખાભાઈ બ નં-૧૦૨૪૩ તથા લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ બ.નં. ૪૮૭ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ બ.નં.૧૧૩૬ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ બ.નં.૧૩૨૬૫ તથા તથા મથુરભાઇ બાબુભાઇ બ.નં.૪૯૬ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સેટેલાઈટ પરીશ્રમ એપાર્ટમેંટની ગલીમા રોડ ઉપર આવતા સાથેના <u>અ.પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ બ.નં.૪૯૦૧ તથા અ.લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ બ.નં. ૪૮૭</u> નાઓને સંયુકત રીતે હકીકત જણાવેલ કે સેટેલાઇટ પો.સ્ટેશન મા એક વ્હીકલ ચોરની સીસીટીવી ફુટેઝ આધારે ઓળખ થયેલ છે. જે ઈસમની વોચ-તપાસમા રહેતા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર નાઓને (૧) એક્ટીવા નંબર GJ-27-N-3383 કિંમત રૂ ૧૦,૦૦૦/- તથા (૨)એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર મો.સા. GJ-01-BQ-4489 કિંમત રૂ ૦૮,૦૦૦/- એમ કુલ્લે બે વાહન મળી આવી સેટેલાઈટ પોલીસ સ્ટેશન (૧)ફ.ગુ.ર.નં.૧૦૯/૨૦૧૯ ઈપીકો કલમ-૩૭૯ તથા (૨) ફ.ગુ.ર.નં.૯૦/૨૦૧૯ ઈપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાઓનો ભેદ ઉકેલી સારી કામગીરી કરેલ છે.

<u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદ્દેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૪.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશન ની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી- ૧ ,મિલ્કત સંબધી-૫, પ્રોહીબીશન- ૩ મળી કુલ્લે ૯ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઇસમોને રાજ્યની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.